

ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરમાં સમીસાંજે ૧ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં સતત બીજા દિવસે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. સાંજે એક કલાકના ગાળામાં એક ઈંચ વરસાદ પડતાં શહેર પાણી પાણી થઈ ગયુ હતુ.

એક અઠવાડિયા બાદ ગઈકાલથી વરસાદી સિસ્ટમ પુનઃ સક્રિય બનતા વરસાદી વાતાવરણ છવાયુ છે. શહેરમાં ઠેરઠેર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. ગરમી અને બફારાથી રાહત મળી હતી. ગઈકાલે સાંજે ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે સવારે તડકો નીકળ્યો હતો. જો કે વાદળોની અવરજવર રહી હતી. તડકો નીકળતા પુનઃ ગરમી અનુભવાઈ હતી. પરંતુ સાંજ પડતાં જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો.

એકાએક જ કાળા ડિબાંગ વાદળો આકાશમાં ઘેરાઈ આવ્યા હતા. આકાશમાં ઘેરાઈ આવેલા વાદળોની સાથે જ જોરદાર પવન ફુંકાવવો શરૂ થઈ ગયો હતો. કેટલાક સ્થળોએ તો જાણે મીની વાવાઝોડુ ત્રાટક્યુ હોય તેમ વૃક્ષની ડાળીઓ પડી ગઈ હતી. પવન સાથે જ વીજળીના ચમકારા સાથે જોરદાર વરસાદ શરૂ થયો હતો. લગભગ એક કલાક સુધી જોરદાર વરસાદ વરસતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા સ્થળોએ તો પાણી ભરાવવાની સમસ્યા વધુ રહી હતી. લગભગ એક કલાક સુધી પડેલા વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા.

# શહેરમાં પાણીનો કકળાટ યથાવત સવારની સાથે સાંજે સપ્લાય આપવા પણ માંગ

## ફોર્સ વધારવાથી ડહોળા પાણીની સમસ્યા વધુ પેચીદી બને તેવી સ્થિતિ : શહેરના સે-૨૩ થી ૨૬ માં પાણી અત્યંત ધીમા ફોર્સથી આવતા અડધી ટાંકી પણ ભરાતી ન હોવાનો રહીશોનો આક્રોશ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના સેકટરોમાં રોજ સવાર પડતા જ પાણીની પોકાર ઉઠવા પામે છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આવતુ નથી જયારે કેટલાક ઠેકાણે ડહોળુ પાણી આવતુ હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. આવા સંજોગોમાં નર્મદાના ડહોળા પાણીના લીધે સેકટરોમાં પાણીની ફરિયાદો ઉઠવા પામી છે આવા સંજોગોમા સવારની સાથે સાંજે પણ થોડા સમય માટે પાણીનો સપ્લાય આપવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. સેકટરોમાં પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. એકબાજુ પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે કેટલાક ઠેકાણે ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જેના લીધે નાગરિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. શહેરના જુના સેકટરોમાં સે-૨૩, ૨૪, ૨૫ અને સે-૨૬ માં પાણી પુરતા ફોર્સથી આવતુ નથી પરંતુ વધારે પડતુ ડહોળુ આવતુ હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. શહેરમાં નર્મદાના અને સેકટરોના બોરના આધારે પાણી વિતરણ કરવામાં આવે છે. આડા દિવસોમાં અંદાજિત ૬૪ થી ૬૮ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ હાલ પાણીનો સપ્લાય ઘટાડી દેવાયો છે. નર્મદાનુ પાણી ડહોળુ આવતુ હોવાથી આ પાણીને શુધ્ધ કરવા માટે શુદ્ધિકરણ પ્લાન્ટની ક્ષમતા પર્યાપ્ત નથી. જયારે વધુ પાણી સપ્લાય કરવામાં આવે તો પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાય તેવી સ્થિતિ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં પાણીની સમસ્યા વધુ પેચીદી બની છે. તંત્રના જણાંવ્યા મુજબ ઉપરવાસમાં પાણી વધતા કેનાલમાં પાણીની સપાટી વધુ ડહોળી બની છે.

જયારે ચરેડી અને સરીતાના શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે પાણી શુધ્ધ કરી પહોંચતુ કરવામાં પણ સમય લાગે છે .ત્યારે પાણીના સપ્લાયમાં ઘટાડો કરવો પડયો છે. આવા સંજોગોમાં શહેરના કેટલાક સેકટરોમાં પાણીની ટાંકી અડધી પણ ભરાતી નથી ત્યારે સવાર પડતા જ પાણીનો કકળાટ ઉઠવા પામે છે. શહેરના સે-૨૩ થી ૨૬ માં પણ પાણી અત્યંત ધીમે આવતુ હોવાથી નાગરિકોને રોજીંદા વપરાશ પુરતુ પણ પાણી મળતુ નિ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં સેકટરોમાં સવાર સાંજ બે ટાઈમ પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે.

# શહેરમાં ૨૪ કલાક પાણીની યોજનાનું ૧૭મીએ ખાતમુહૂર્ત

## પ્રધાનમંત્રીના જન્મદિને સરિતા ઉદ્યાન ખાતે ૨૪૮૭ પેયજળ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત યોજાશે : પાણીની મીટર પ્રથા પણ પ્રોજેક્ટ કાર્યાન્વીત થતાં અમલી બનાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરનો સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૨૪૮૭ નો પાણી પુરવઠો આપવાની યોજનાનું ખાતમુહૂર્ત ૧૭મીના રોજ કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસે જ આ પ્રોજેકટનું ખાતમુહૂર્ત સવારે ૧૧ વાગે સરિતાઉદ્યાન નજીક કરવામાં આવશે.

સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત આ યોજનાનો ડી.પી.આર. તૈયાર કરી અને તેના ટેન્ડરીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાણી પુરવઠા બોર્ડ દ્વારા આ પ્રોજેકટ હાથ ધરવામાં આવી રહ્યો છે.

રૂ. ૨૨૯ કરોડના ખર્ચે આ પ્રોજેકટ કરવામાં આવશે. આ પ્રોજેકટ ૨૦૨૩માં કાર્યાન્વીત થશે. ગાંધીનગર શહેરમાં આ પ્રોજેકટને પગલે વિતરણ માટેની પાઈપલાઈનો પણ બદલવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે હાલ ૫૮ હજાર જેટલા આવાસોને આ યોજનાનો સીધો લાભ થશે.

આ પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર શહેરમાં પાણીના કલોરીનેશનનો લઈ હાલ જે ફરિયાદો છે તેનો પણ ઉકેલ આવશે. આ પ્રોજેકટ અંતર્ગત પાણીના કલોરીનેશન માટેના ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા લગભગ ત્રણ ગણી જેટલી થશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પાણીનો સ્ત્રોત પાતાળકુવા હતા

## ૨૦૦૫ થી નર્મદા કેનાલમાંથી પાણી પાઈપલાઈન દ્વારા પુરૂ પાડવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરની રચના થઈ ત્યારે પેયજળ માટેનો મુખ્ય સ્ત્રોત પાતાળકુવા હતા. આ પછી ગાંધીનગર શહેર જેમ જેમ વિકાસ પામ્યુ તેમ તેમ પાણીની માંગને પહોંચી વળવા માટે ૨૦૦૫ માં નર્મદા કેનાલમાંથી પાઈપલાઈન દ્વારા આ પાણી પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે.

નભોઈ હેડ વર્કસથી સરિતાઉદ્યાન અને ચરેડી પાણીની ટાંકી સુધી પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે અને ત્યાંથી હાલ રોજના બે કલાક માટે આ પુરવઠો આપવામાં આવે છે.

સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત આ પ્રોજેકટ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. શહેરનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં પાણીની મીટરપ્રથા પુનઃ શરૂ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નર્મદા કેનાલમાંથી હાલ ૨૦૪૯ સુધીમાં શહેરની વસ્તી ૬.૭૫ લાખ થશે તેવા અંદાજો સાથે ૧૬૬ એમ.એલ.ડી.નો પ્લાન્ટ કાર્યાન્વીત કરવામાં આવેલ છે.

શહેરમાં ૨૪૮૭ ના પ્રોજેકટથી શહેરમાં પાણીનો થતો બગાડ અટકશે. મીટર પ્રથા લાગુ કરાતાં જ કરકસરથી લોકો તેનો વપરાશ કરતા થશે.

એક તબક્કે ગાંધીનગર આખા ભારતમાં સૌથી વધુ પાણીનો બગાડ કરતા નગર તરીકે પણ ઓળખાતુ હતુ.

ગાંધીનગર શહેરને ૨૪૮૭ પેયજળનો પુરવઠો આપવા અંગે અગાઉ ટાટા કન્સન્ટસીએ અહેવાલ પણ તૈયાર કરી આપ્યો હતો. આ માટે સારો એવો ખર્ચ પણ કરવામાં આવ્યો હતો જોકે હાલ પાણીનો પુરવઠો ઓછા પ્રેશરથી મળતો હોવાની તેમજ પાણી શુદ્ધ નહિ પણ ડહોળુ આવતુ હોવાની ફરિયાદો છે. આ પ્રોજકટ કાર્યાન્વીત થતાં જ પાણીના ફિલ્ટર પ્લાન્ટની ક્ષમતા લગભગ ૩ ગણી વધી જશે.

# સે-૨૪ ડબલડેકર વિસ્તારમાં રહીશોના ઘરોમાં ગટરના દુષિત પાણીનો ભરાવો

## સેકટરમાં છેલ્લા ૮ મહીનાથી ગટરો ઉભરાતી હોવાનો આક્રોશ : લાઇનનુ કામ પણ અધુરુ : નાગરિકો પર રોગચાળાનો ખતરો : અનેક રજુઆત છતા કોઇ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૧૨

શહેરના સે-૨૪ માં સ્થિત ડબલ ડેકર વિસ્તારમાં ગટરના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો અસહ્ય ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. આમ તો આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા છેલ્લા ૮ મહીનાથી પેચીદી બની છે. જયારે છેલ્લા કેટલાક દિવસોથી ગટરનુ દુષિત પાણી નાગરિકોના ઘરમાં ઉભરાતા સમસ્યા વધુ ગંભીર બની છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રહીશો રોગચાળાનો ભોગ બને તેવી પણ દહેશત છે. સ્થાનિકો દ્વારા આ અંગે અનેકવાર સે-૨૪ ની ડ્રેનેજ ઈન્કવાયરીમાં રજુઆત કરવામાં આવી છે આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાતા નથી.

શહેરના સે-૨૪ ડબલ ડેકર વિસ્તારમાં છેલ્લા ૮ મહીનાથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતા નાગરિકો ત્રાહીમામ પોકારી ગયા છે. શહેરમાં આમ પણ ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. શહેરના જુના અને નવા સેકટરોમાં ગટરોના દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. દાયકાઓ જુની ગટર લાઈનના લીધે સેકટરોમાં વારંવાર આ સમસ્યા ઉઠવા પામે છે. હાલ સેકટરોની વસતી મુજબ ગટર લાઈન પુરતી નથી. જેના લીધે દાયકાઓ જુની ગટર લાઈનના ઢાંકણો તુટી જવાથી માંડી મેઈન હોલમાં પણ ગમે ત્યારે ગાબડા પડે છે. શહેરમાં હાલ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ ચાલે છે તે મુજબ ગટર લાઈન નવી નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે. એકબાજુ તંત્ર પાસે પુરતો મેન પાવર અને મશીનરી પણ નથી ત્યારે

● અનુસંધાન પાન-૭ પર



સી-પ્લેન માટે તડામાર તૈયારીઓ - અમદાવાદ રિવરફ્રન્ટથી સી-પ્લેનનો શુભારંભ આગામી મહિનામાં થઈ રહ્યો છે ત્યારે તડામાર તૈયારીઓ આરંભાઈ છે. સાબરમતી રિવરફ્રન્ટમાં સી-પ્લેન માટેનું જેટી પ્લેટફોર્મ આવી પહોંચ્યા છે... ગુજરાતના પ્રવાસન ક્ષેત્રમાં સી-પ્લેન એક છોગું ઉમેરાશે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ

## ગાંધીનગરમાં ૧૩, દહેગામ-૨, કલોલ-૨, માણસામાં ૩ કેસ મળ્યા : ૧૫૬૮ દર્દીઓ કોરોના મુક્ત થયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૦ કેસ કોરોનાના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી ૧૩ કેસ, દહેગામમાંથી ૨, માણસામાંથી ૩ કેસ અને કલોલમાંથી બે કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામેથી એક ૫૦ વર્ષીય ગૃહીણી અને ૬૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંદેસણ ગામેથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૧ વર્ષીય ગૃહીણી અને ૪૬ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણ ગામેથી ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર નજીક આલમપુર મિલીટ્રી સ્ટેશન કોરોના માટે હોટસ્પોટ બની ઉભરી રહ્યુ છે. આજે પણ ત્યાંથી વધુ ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. અહિથી આજે ૩૧ વર્ષીય પુરૂષ, ૨૨ વર્ષીય પુરૂષ, ૨૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છેલ્લા એક સપ્તાહથી અહિ કેસોની સંખ્યા સતત વધી રહી છે.

પેથાપુરમાંથી એક ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી એક ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખોરજમાંથી ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જમીયતપુરામાંથી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૧૫ કેસ નોંધાયા

## સે. ૫ માંથી ૪, સે. ૨ અને ૨૯ માંથી બે-બે કેસ કોરોનાના નોંધાયા : સારવાર દરમ્યાન સે. ૨ અને સે. ૧૪ ના દર્દીના મોત

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના સે. ૫ માંથી આજે કોરોનાના એક જ દિવસમાં ૪ કેસ ઉપરાંત સે. ૨ માંથી બે અને સે. ૨૯ માંથી પણ બે કેસ મળતાં શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૯૭ પર પહોંચી છે.

આજે ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાવાની સાથે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત થતાં શહેરમાં આજે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ ના એક ૭૬ વર્ષીય વૃદ્ધનું અને સે. ૧૪ ના એક ૬૭ વર્ષીય પુરૂષનું આજે સારવાર દરમ્યાન મોત થયુ છે. સે. ૧૪ ના ૬૭ વર્ષીય પુરૂષ કોંગ્રેસના અગ્રણી હતા.

શહેરમાં કેસોની સંખ્યાની સાથે મૃત્યુનો આંક પણ છેલ્લા પખવાડિયાથી જે રીતે ઉંચકાયો છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૯૭ પર પહોંચી છે. શહેરમાં કોરોનાનું આક્રમણ વધ્યુ હોવાથી તંત્ર પણ સતત દોડધામ કરતુ જોવા મળી રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આજે શહેરમાં જે કેસો નોંધાયા છે તેને લઈ કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાની શંકા વધુ ને વધુ દ્રઢ થઈ રહી છે.

આજે સે. ૨૯ માંથી બે કેસ કોરોનાના પોઝીટીવના મળી આવ્યા છે. કન્સ્ટ્રક્શનનું કામ કરતા એક ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામમાં બે કલાકમાં એક ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે સાર્વત્રિક વરસાદ થયા બાદ આજે સાંજે ૬ થી ૮ ના બે કલાકમાં જ વરસાદ જિલ્લાના ત્રણ તાલુકામાં નોંધાયો છે.

આ બે કલાકના ગાળામાં દહેગામ તાલુકામાં એક ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો હતો. દહેગામમાં ૨૮ મી.મી. વરસાદ નોંધાયો છે તો ગાંધીનગર તાલુકામાં અડધો ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૧૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

કલોલમાં આજ ગાળા દરમ્યાન ૩ મી.મી. વરસાદ થયાના અહેવાલો મળ્યા છે. આજે સાંજે પવન સાથે શરૂ થયેલા આ વરસાદને કારણે કેટલાક સ્થાનો પર વૃક્ષોની ડાળીઓ તુટી પડ્યાનું જાણવા મળેલ છે.

વરસાદ થતાં જ ગ્રામીણ તળાવોમાં પાણીની નવી આવક થવા પામી છે. જોકે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે એટલે ગંદકી પણ જોવા મળી રહી છે.


પ્લોટ વેચવાનો છે

ગાંધીનગર –મહુડી રોડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક અને અલુવા હિલ્સ નજીક આવેલ બંસરી ગ્રીનમાં પ્લોટ નંબર- ૧૨, ૮૧૨ સ્કવેર યાર્ડ પ્લોટ વેચવાનો છે.

સંપર્ક નંબર : 98253 06605

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com